Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

ગાંધીનગર જિલ્લા આયોજન સમિતિની ચૂંટણીની જાહેરાત





વિસર્જન બાદ ચિંતાજનક સ્થિતિ - ભાવપૂર્વક ગણેશોત્સવ ઉજવાયો... કાર્યક્રમોની ઝાકમઝોળ વચ્ચે બાપાના પૂજન-અર્ચન થયા... પણ વિસર્જન બાદ કેવી - કેવી હાલત સર્જાઈ છે તેની જીવતી જાગતી આ તસવીર છે... નાનકડી બાળકી ગણપતિબાપાને બે હાથ જોડીને માફી માગે છે... જેણે ભૂલ કરી હોય બાપા એને માફ કરી દેજે... અમે તો નાના બાલુડા છીએ.... આપ ઉદાર રહેજો, આવતા વર્ષે આવું નહિ થાય એની કાળજી લઈશું.... અમારા બધા જ વસાહતીઓ અને આપના ભક્તોને સમજાવશો કે આપનું ગૌરવ અને ગરિમા જળવાય એ રીતે વિસર્જન કરે... પર્યાવરણનું રક્ષણ થાય અને સાથેસાથે ક્ષોભજનક સ્થિતિ ન સર્જાય એવું કરવા સૌનું ધ્યાન દોરશો... સમગ્ર ગાંધીનગર વતી માફી માગતી આ દીકરીની માનસિક સ્થિતિ પરથી આગામી ગણેશોત્સવની ઉજવણીનું માર્ગદર્શન મળી રહેશે....

# ગાંધીનગરથી ચોટીલા-પાવાગઢ અને સાળંગપુરની બસો શરૂ થશે

## દર્શનાર્થીઓને અનુલક્ષી નવરાત્રિથી દર રવિવારે સવારે ૭ કલાકે બસ ઉપડશે

ગાંધીનગર, તા.૨૦

આગામી નવરાત્રિ દરમિયાન ગાંધીનગરથી વિવિધ ત્રણ ધાર્મિક સ્થળો માટે ખાસ બસ સેવા શરૂ કરવામાં આવશે. દર રવિવારે સવારે ૭ કલાકે સાળંગપુર, ચોટીલા અને પાવાગઢની બસ દોડશો. ધાર્મિક સ્થાનો માટે એસ.ટી. તંત્ર દ્વારા ખાસ બસો દોડાવાનું આયોજન થતા ભાવિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે.

ભાદરવી પૂનમને અનુલક્ષી એસ.ટી. તંત્ર દ્વારા ભાવિકો માટે સતત પાંચ દિવસ સુધી ખાસ બસ સેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર એસ.ટી.ડેપોએ પણ ૧૭૫ જેટલી ટ્રીપો દોડાવી રૂ. ૧૬ લાખની આવક રળી છે. જયારે હવે સાળંગપુર, પાવાગઢ અને ચોટીલા રૂટ માટે નવી બસ સેવાનું આયોજન કરવામાં આવ્યં છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ રૂટમાં શ્રધ્ધાળુઓની વિશેષ અવર જવર રહેતી હોવાથી દર રવિવારે આ ત્રણેય ધાર્મિક સ્થાન માટે ખાસ બસ સેવા શરૂ કરવામાં આવી છે. જે અન્વયે દર રવિવારે સવારે ૭ કલાકે આ રૂટ માટે બસો ઉપડશે. જયારે નિયત સ્થળે આ બસ ચાર કલાક રોકાણ કરશે અને ત્યારબાદ આ બધા મુસાફરોને લઈને પરત ગાંધીનગર આવશે. ગાંધીનગરથી પાવાગઢ, ચોટીલા તેમજ સાળંગપુર તરફ દર્શનાર્થે જતા ભાવિકોની સંખ્યા વિશેષ રહેતી હોવાથી એસ.ટી. તંત્ર દ્વારા આ નવતર આયોજન કરવામાં આવ્યું છે. આગામી નવરાત્રિથી આ નવી બસ સેવા શરૂ કરવામાં આવશે.

# રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી સામુહિક વિકાસના કામો જ હાથ ધરી શકાશે

## સરકારે જારી કરેલી નવી નીતિમાં સામાન્ય સભાને જ વહીવટીય મંજૂરી આપવાની સત્તા : પંચાયતીરાજ સંસ્થાઓમાં ગણગણાટ

ગાંધીનગર, તા. ૨૦

રેતી-કાંકરીની ગ્રાન્ટ તેમજ સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટમાંથી વિકાસના કામો હાથ ધરવા અંગેની નવી નીતિ આગામી દિવસોમાં પંચાયતીરાજ સંસ્થાઓ અને સરકાર વચ્ચે સીધો સંઘર્ષ જન્માવશે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આ અંગેના હુકમો જારી કરી દેવામાં આવતાં જ પંચાયતના પદાધિકારીઓએ આ મુદ્દે કાનૂનવિદો સાથે કાયદાકીય પરામર્શ શરૂ કર્યો છે એટલુ જ નહિ વહીવટીય પરિભાષાના નિષ્ણાતો સાથે પણ પરામર્શ શરૂ કરી વચલો માર્ગ શુ હોઈ શકે તે અંગેની કવાયતો શરૂ કરી દીધી છે.

રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી પાણી પુરવઠાની યોજનાના કામો, પંચાયતને સોંપાયેલ રસ્તાઓના બાંધકામ, નિભાવણી અને જાળવણી તેમજ દવાખાનાઓની સ્થાપના અને નિભાવણી, પશુ ચિકિત્સાલયો બાંધવા, સિંચાઈના કામો તેમજ આ ગ્રાન્ટનો મોટા કામની મેચીંગ ગ્રાન્ટ તરીકે પણ ઉપયોગ કરવાની છૂટ જિલ્લા પંચાયતના સભ્યોને આપવામાં આવી છે.

૫૦ ટકા રકમ જે મળે તેમાંથી નદી કિનારાના ગામોને આપવાની જોગવાઈ યથાવત રાખવા સાથે અન્ય પંચાયતોની પસંદગીના પણ માપદંડ નિયત કરી સરકારે પંચાયતના સભ્યો દ્વારા થતા વિકાસના આડેધડ કામો પર લગામ લગાવી દીધી છે.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાત્યતને આ ગ્રાન્ટ પણ બે વર્ષ અગાઉની ગ્રાન્ટને આધાર બનાવીને આપવાની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારના પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે આ અંગે કરેલા વિસ્તૃત પરિપત્રમાં પંચાયતના સભ્યોના અધિકાર પર આડકતરી તરાપ મારી વિકાસની જવાબદારીમાંથી સરકારની પલાયનવૃત્તિ હોવાનો આક્ષેપ કોંગ્રેસના આગેવાનો કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ધોળેશ્વર માર્ગ પર બાવળનું વૃક્ષ ધરાશાયી

## આ વિસ્તારમાં હજુ પણ સુકાયેલા વૃક્ષોની સંખ્યા વિશેષ : ભયજનક વૃક્ષો ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત

ગાંધીનગર, તા. ૨૦

ચોમાસા પૂર્વે વન તંત્ર દ્વારા સુકા વૃક્ષો દૂર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, પરંતુ વાતની સ્થિતિએ ભયજક માલુમ પડતા સુકાયેલા વૃક્ષો ગમે ત્યારે રાહદારી માટે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત પ્રબળ બની છે. સ્વામિનારાયણ ધામ - ધોળેશ્વર તરફ જવાના આંતરિક માર્ગ આસપાસ આ પ્રકારના ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ છે. આજે આ માર્ગ પર બાવળનું તોતિંગ વૃક્ષ ધરાશાયી થતા રસ્તો બ્લોક થઈ ગયો હતો. જયારે લાઈટના થાંભલા પણ જમીનદોસ્ત થયા હતા. આ માર્ગ પર હજુ પણ ૬ જેટલા સુકાયેલા વૃક્ષો અત્યંત ભયજક હાલતમાં છે. તંત્ર દ્વારા આ વૃક્ષોનો ત્વરિત નિકાલ નહીં



કરવામાં આવે તો અકસ્માત સર્જાય તેવી દહેશત છે.

શહેરમાં હરિયાળા વૃક્ષોની વચાળે સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. જ્યારે આ પ્રકારના સુકા અને જોખમી વૃક્ષો કાપવા માટે વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ચોમાસા પૂર્વે તંત્ર દ્વારા શહેરમાંથી ૧૦૦ જેટલા સુકાયેલા વૃક્ષ દૂર કરવામાં આવ્યા હતા. પરંતુ હાલ શહેર આસપાસના વિસ્તારમાં વિવિધ માર્ગને અડીને જ આવા ભયજનક વૃક્ષો ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત છે. આજે સ્વામિનારાયણ ધામ પાસે ધોળેશ્વર મંદિર તરફ જવાના માર્ગ પર સુકાયેલા બાવળનું તોતિંગ વૃક્ષ અચાનક જ જમીનદોસ્ત થતા ઈલેક્ટ્રીકના પોલ્સ પણ તુટી ગયા હતા. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. આ વિસ્તારમાં હજી પણ સુકાયેલા ૬ વૃક્ષો જોખમી ભાસી રહ્યા છે. ત્વરિત આ વૃક્ષોનો નિકાલ નહીં કરવામાં આવે તો ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત છે. શહેર તેમજ આસપાસના રોડને ફરતે ભયજનક વૃક્ષો દૂર કરવા વનતંત્રને ત્વરિત અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા છે.

# ગાંધીનગર જિલ્લા આયોજન સમિતિની ચૂંટણીની જાહેરાત

## ૧૮મી ઓક્ટોબરના રોજ મતદાન થશે : ચૂંટણી અધિકારી તરીકે ડે. ડી.ડી.ઓ. અજય પટેલની નિમણુંક

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા આયોજન સમિતિના ચૂંટણી અધિકારી તરીકે નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલની નિમણુંક સાથે ચૂંટણી અંગેના વિધિવત કાર્યક્રમની જાહેરાત આજે જિલ્લા કલેકટરે કરી છે.

ચૂંટણી ઓથોરીટી અને જિલ્લા કલેકટર સતીષ પટેલે આજે ચૂંટણીની કરેલી જાહેરાત મુજબ ૧૮મી ઓકટોબર ૨૦૧૬ના રોજ આ ચૂંટણી યોજવામાં આવશે.

આજે જાહેર થયેલી મતદાર યાદી મુજબ જિલ્લા પંચાયતના ૩૦ સભ્યો આયોજન સમિતિના ૧૬ સભ્યો ચૂંટશે જયારે નગરપાલિકાના ૧૨૩ સભ્યો ૪ સભ્યો ચૂંટશે.

આજે જાહેર થયેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ આ ચૂંટણી માટે ૪થી ઓકટોબર ૨૦૧૬ના રોજ ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ રહેશે. ઉમેદવારી પત્રોની ચકાસણી ૫ મી ઓકટોબરના રોજ હાથ ધરાશે જયારે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ ૭ ઓકટોબર રહેશે.

૭મી ઓકટોબરના રોજ હરિફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે. ૧૮મીએ જિલ્લા પંચાયતના સરદાર હોલમાં આ અંગે મતદાન યોજવામાં આવશે અને ૧૯મીએ તેની મતગણતરી કરવામાં આવશે જયારે તેનું પરિણામ ૨૦મી મે જાહેર થશે.

જિલ્લા આયોજન સમિતિના વીસ સભ્યોની ચૂંટણી યોજાશે. આ ચૂંટણીના મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે પેથાપુર નગરપાલિકાના ચીફ ઓફિસર અને ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીની નિયુકિત કરવામાં આવી છે.

# તલાટીઓની હવે સાપ્તાહિકી બેઠક નહિ પણ ૧લા અને ૩જા ગુરૂવારે જ યોજવી

## જિલ્લા વિકાસ અધિકારીએ તંત્રને લોકાભિમુખ બનાવવા તલાટીઓની હાજરી અગે નવી સૂચનાઓ જારી કરતાં પંચાયતમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૨૦

તલાટી કમ મંત્રીઓની સાપ્તાહિકી બેઠક નહિ પરંતુ પહેલા અને ત્રીજા ગુરૂવારે જ યોજવી અને તે પણ બપોરના બે વાગ્યા પછી જ યોજવી તેવા સ્પષ્ટ આદેશો જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈએ તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે કર્યા છે.

તલાટી કમ મંત્રીઓની સામુહિક બદલીઓ બાદ વહીવટીતંત્રને વધુ લોકાભિમુખ અને સંવેદનશીલ બનાવવાની દિશામાં આ પગલુ લેવામાં આવ્યુ છે. તલાટી કમ મંત્રીઓની અનિયમિતતાની ફરિયાદો દૂર થાય તેમજ તલાટીઓની હાજરી, ચાર્જ સહિતની બાબતોમાં પારદર્શકતા આવે તે માટે આ નવા આદેશો જારી કરવામાં આવ્યા છે.

તલાટી કમ મંત્રીઓને જે સેજામાં નિમણુંક આપવામાં આવેલ છે તે સેજામાં તથા સેજામાં સમાવિષ્ટ ગામે તેમજ આપેલ ચાર્જના ગામે કયા કયા દિવસે કયા ગામમાં બજાવશે તે બાબતે પંચાયતની વસ્તી, વિસ્તાર, કાર્યભારણ, વિકાસકાર્યો વિગેરે બાબતો ધ્યાને લઈ દિન-૭માં આ અંગેના વહીવટી હુકમો કરી તેની નકલ જિલ્લા પંચાયત સુધી મોકલી આપવા પણ જણાવાયું છે.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરાયેલા આ આદેશમાં ગ્રામ પંચાયતમાં કયા કયા દિવસે તલાટી ફરજ બજાવશે તેની વિગતો સામાન્ય નાગરિક વાંચી શકે તે રીતે દર્શાવવાની રહેશે. લાંબી રજા પર જતા તલાટીએ ચાર્જ સોંપણીના હુકમો પણ જિલ્લા કક્ષાએથી મેળવવાના રહેશે.

આ આદેશમાં જણાવાયું છે કે તાકીદના સંજોગો સિવાય તલાટી કમ મંત્રીઓને તાલુકા કક્ષાએ ઉપસ્થિત રાખવા નહિ પરંતુ અગત્યની કામગીરી માટે જો તેઓને તાલુકા કક્ષાએ રૂબરૂ બોલાવવામાં આવે તો કામગીરી પૂર્ણ થયા બાદ કામગીરીનો સમયગાળો દર્શાવી સંબંધિત તલાટી કમ મંત્રીને હાજરી અંગેનું પ્રમાણપત્ર પણ જે તે તાલુકા અધિકારીએ આપવાનું રહેશે.

તાલુકા વિકાસ અધિકારીઓને પણ હાજરી અંગે કડક તાકીદ કરતા આ નવા આદેશમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે તાબા હેઠળના ફેરણી અધિકારીઓ જ્યારે ગામની મુલાકાત લે તે સમયે તલાટી કમ મંત્રીની હાજરીની તપાસ કરી તથા તેમની તપાસનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીને કરવાનો રહેશે.

જિલ્લા વિકાસ અધિકારીએ કરેલા આ નવા આદેશને લઈ પંચાયતના વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.


## ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)

(ગુજરાત સરકારશ્રીની એક સ્વાયત્ત સંસ્થાન)

બ્લોક નં. ૧૩, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન (જુના સચિવાલય), સેકટર-૧૦બી, ગાંધીનગર - ૩૮૨૦૧૦

ફોનઃ(૯૧)૭૯-૨૩૨૪૦૯૬૪/૬૫, E-mail: info@gemi-india.rog,

Web: www.gemi.gujarat.gov.in, www.gemi-india.rog

### જાહેર નિવિદા

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી), ગાંધીનગરની કચેરી તેમજ પ્રયોગશાળા ખાતે પટાવાળા, સફાઈ કામદાર, ડ્રાઈવર, સીક્યુરીટી ગાર્ડ વગેરે "Manpower"ની સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી. થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ કવરમાં મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ ગેમી કચેરીની વેબસાઈટ www.gemi-india.rog અથવા www.gemi.gujarat.gov.in પરથી ડાઈનલોડ કરી શકાશે.

| | |
|---|---|
| ટેન્ડર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાનો સમયગાળો | તા. ૨૭-૦૯-૨૦૧૬થી તા. ૦૭/૧૦/૨૦૧૬, સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી |
| પ્રી બીડ મીટીંગ | તા.૨૯/૦૯/૨૦૧૬, બપોરે ૩.૦૦ કલાકે |
| ટેન્ડર ભરીને કચેરીમાં પરત આપવાની છેલ્લી તારીખ | તા.૧૦/૧૦/૨૦૧૬, સાંજે ૬.૦૦ વાગ્યા સુધી |
| ટેન્ડર ઓપનીંગ તારીખ સંસ્થા ખાતે | તા. ૧૭/૧૦/૨૦૧૬,બપોરે ૦૩:૦૦ કલાકે |

કોઈ પણ ટેન્ડર કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર નિયામકશ્રી,ગેમીનો રહેશે. વધુ માહિતી માટે ઉપરોક્ત વેબસાઈટ જોવા વિનંતી છે.

તા.૨૧/૦૯/૨૦૧૬
સ્થળ:ગાંધીનગર

ડો. સંજીવ ત્યાગી,
નિયામક,ગેમી



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com